# જાનો માલની પાકીઝગી

ઈન્સાન બે ચીઝોનો મજમૂઓ છે - જિસ્મ અને જાન. અલ્લાહતઆલા ઈન્સાનને રહેમે માદરમાંથી દુનિયાની ખુલ્લી ફઝામાં પૈદા કરે છે, તે વકત તેનું જિસ્મ કામિલ હોય છે. તેમાં કોઈ અંગો વધારે યા ઓછા હોતા નથી. મોટા ઈન્સાન જેમ જ એના તમામ આઅઝા હરકત કરે છે. ફરક એ છે કે, બાઝ અંગો પોતાની કલથી કામ કરતા થઈ જાય છે અને બાઝને કામ કરતા શીખાવવા પડે છે. પૈદાઈશના વકતથી જ ઈન્સાનના જિસ્મમાં જાન હોય છે, નફ્સ હોય છે. તેના વુજૂદના શરૂઆતથી જ તે દીગર મહેસૂસ થાનાર ચીઝ જેવી હોય છે, જેવી કે મીણબત્તી, જેમાં તમામ નકશ, આકાર અને શિકલને કુબૂલ કરવાની તૈયારી અને કુદરત હોય છે, જે પહેલાની એની શિકલથી બિલકુલ અલગ હોય છે. એને ઈસ્તેઅમાલ કરનારો મીણમાંથી બત્તી બનાવે યા કોઈ પૂતલું, તે તમામ તેની હાથની કારીગરી અને મીણની સલાહીયત પર મબ્ની હોય છે.

નફ્સ (જાન) ની પણ બરાબર કસરત - એકસરસાઈઝ થાય તો એને પણ કારીગરીથી બહેતર શિકલ આપી શકાય છે. તેને પસંદીદહ નેક આઅમાલ, શરીઅતના સહીહ એઅતેકાદ અને સાફ નઝરીયહથી કીમતી ગિરાંકદ્ર નગીના મુજબ બનાવી શકાય છે યા અલ્લાહના દીનના હુદૂદની માઅરેફત આપીને નેક અખ્લાકની આદતોથી આલમે અબદીમાં તેની પનાહને કાયમી મકાનની તરફ વાલી શકાય છે, આનાથી બરખિલાફ ફસાદદાર અકીદાઓ અને બદ અમલોથી તેને મૈલી કરીને, હલકા અખ્લાકથી શરીઅતની ખિલાફ-વરઝી કરીને ભલાઈ અને નેકીના અમલોથી દૂર કરીને, તેની અસલીયતનાં રસ્તા તરફ જાવાથી રોકી પણ શકાય છે.

તેથી ઈન્સાન સિન્ને બુલૂગ પર પહોંચા બાદ, અકલ અને મીઝાનની દહેલીઝ પર પહોંચા બાદ, જહાં તક તે આ આલમે તબીઅતમાં છે, દુનિયાના આ હયૂલાના દરિયામાં છે, ત્યાં તક તે જન્નત અને જહન્નમને દરમિયાન છે. પણ તેની નફ્સ-જાનમાં એટલી તો કુદરત છે કે, તે એવા આઅમાલને કસબ કરે જેથી તે જન્નત યા જહન્નમમાં દાખિલ થઈ શકે છે. અગર એની જાન એના જિસ્મથી જુદા થઈ, મૌત આવી ગઈ, તો આ અમલ કરવાની કુદરત એનાથી છિનવાઈ જાય છે અને તેના આઅમાલ મુજબ તેની સૂરત બને છે. જો અગર તે સૂરત ખૈર હોય છે, તો તે તેના ભલા આઅમાલની જઝામાં તેની ઝાતમાં એવી ચીઝો હાસિલ કરે છે કે, જેને નજાત પામનાર જાનો પસંદ કરતી હોય અને આંખો લઝ્ઝત ઉઠાવતી હોય. એવી જન્નતમાં તે દાખિલ થાય છે કે, જે ઝિંદા છે, હરીભરી છે, નેઅમતવાલી છે, જેને ઝબાન બયાન ન કરી શકે અને દિલ જેનો અહેસાસ ન કરી શકે. તેથી જ રસૂલુલ્લાહે (સ.અ.વ.વ.) ફરમાવું છે કે, જન્નતમાં એવી ચીઝો છે કે, કોઈએ પણ આંખે જોઈ નહીં હોય, કાને સાંભલી નહીં હોય અને ઈન્સાનના દિલે એ વાત માની નહીં હોય. જો અગર તે સૂરત શર હોય છે, તો તે તેની અસલીયતથી ઉલટી થઈ જાય છે, ન તે જીવતી લઝ્ઝતો લેનારી જાન બને છે યા મુર્દા રાહત હાસિલ કરનારી. જેમ અલ્લાહતઆલા ફરમાવે છે કે, એ જાન આ દુનિયા બાદ ન મરશે, ન ઝિંદા થાશે. પણ હર વકત તે દર્દો ગમમાં જ મુબ્તેલા રહેશે અને અલ્લાહ અને તેના ઔલિયાથી મદદની પનાહ માંગશે, પણ તે વકત ઘણી દેરી થઈ ગઈ હશે, કેમકે, તેના પર "અમ્મારહ બિસ સૂએ" (ખરાબી તરફ હુકમ કરનારી જાન) ની છાપ વાગી ગઈ હશે.

પણ અલ્લાહતઆલાએ મુમેનીનથી એના નફ્સો માલ ખરીદા છે, જેથી અલ્લાહ એ લોગોને એના બદલામાં જન્નત આપે. જો તેઓ અલ્લાહની રાહમાં જેહાદ કાઈમ કરે, મુન્કિરો સાથે ઈલ્મી-અમલી જંગો જિદાલ કરે તો જ અલ્લાહનો જન્નત આપવાનો વાઅદો સાચો થાય. આ વાઅદો હર હાલતમાં સાચો હોય છે. હવે જે વકત અલ્લાહતઆલાએ મુમેનીનના જાન અને માલ ખરીદા છે તો એ ચાહે કે, તે બેવે ચીઝો પાકીઝા હોય. જે વકત જાનો માલ અલ્લાહતઆલાએ મુમેનીનને આપા તે વકત પણ પાકીઝા હતા અને મુમેનીને દુનિયામાં આ જાનો માલનો ઈસ્તેઅમાલ કીધો તો ઝરૂરી છે કે, આખિરમાં તે પાક જ હોવા જોઈએ. કેમકે, હકીકત એ છે કે, આપનાર અને તે બાદ ખરીદનાર અલ્લાહતઆલા જ છે અને આ તમામનો બદલો અમલે સાલેહ કરવું છે અને તે બાદ જ જન્નત છે. શહરૂલ્લાહિલ હરામ એવા જ મહીના છે, જેમાં અલ્લાહતઆલાએ મુમેનીનને જાન અને માલ સાફ-પાકીઝા કરવાનું ફરમાન કીધેલું છે.

જાનને ઈલ્મી-અમલી ઈબાદતથી અને માલને તેની ઝકાત-વાજેબાત અદા કરીને. જો અગર જાન વાસ્તે ઈબાદત અને માલ વાસ્તે ઝકાત કાનૂનસર અદા ન થાય તો અલ્લાહતઆલા તેના ખરીદનાર ન બને અને તેના અજરો સવાબમાં જન્નત ન આપે. લેહાઝા, એવો શખ્સ પછી મુમિન રહેતો નથી. તેથી જ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ બાઝ જંગમાંથી મદીના તરફ રૂજૂઅ થાતી વકત ફરમાવું કે, "એય લોગો, હમેં જેહાદે અસ્ગરથી ફારિગ થઈને જેહાદે અકબર તરફ પલટા છે." આપથી સવાલ થયો કે, યા રસૂલલ્લાહ! આ જેહાદે અકબર શું છે? આપે ફરમાવું કે, તે નફ્સ-જાન સાથે જેહાદ છે અને તે નફ્સને તેની મનમાની અને ખોટા ઈરાદાઓથી રોકવું છે. આપે તેને મનમાનીથી રોકવા અને અલ્લાહની તાઅત પર સાબિત રહી દીની રૂસૂમાત અને અખ્લાકે ફાઝેલહથી આરાસ્તા કરવા ફરમાન કીધું, જે ઘણી સખ્ત જેહાદ છે. આ જેહાદથી નફ્સ પોતાની પૈદાઈશની અસ્લી હાલત તરફ પાછી વલે છે, જે વકત મૌત બાદ તેનું જિસ્મ આઅમાલ કરવામાં નાકામ થઈ જાય છે.

આ જેહાદ મૈદાને જંગની જેહાદ નથી. આ જેહાદે ઉઝમા આઅમાલે સાલેહાની મશક્કત બરદાશ્ત કરવાની લડાઈ છે કે, જેની જઝા આખેરતમાં જન્નતે આલીયહ છે. શહરે રમઝાન ઈબ્તેદા થાય છે તો દાઅવતે હાદીયહના કારી પહેલી રાતની દોઆ બાદ મુમેનીનને આ મહીનાની તસ્બીહ પઢાવે છે કે, "લા ઈલાહા ઈલ્લલ્લાહ, અસ્તગફેરૂલ્લાહ, અલ્લાહુમ્મા ઈન્ની અસ્અલોકલ જન્નતા વ અઊઝો બેકા મિનન્નાર." આ તસ્બીહના આખિરમાં જન્નતનો સવાલ છે અને જહન્નમથી અલ્લાહની રહેમતની પનાહ માંગવાની ગુઝારિશ છે. અલ્લાહતઆલાએ મુમેનીનનાં માલ અને જાન ખરીદીને જન્નતનો અજર આપવાનો વાઅદો કીધો જ છે, પણ દાઈયુલ્લાહિલ અમીન સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) જે જન્નતે દાનીયહના તીસરા તબકા છે, આપને સાથે આ શહરે અઝીમની ઈબાદતમાં શરીક થઈને મુમેનીન હકીકી જન્નતે આલીયહના મુસ્તહિક્ક થાશે. - આમીન યા રબ્બલ આલમીન."